




**IPL 2026** આજની મેચ: PBKS Vs RCB — સમય: સાંજે 3:30 વાગ્યે — સ્થળ: ધર્મશાલા; DC Vs RR — સમય: સાંજે 7:30 વાગ્યે — સ્થળ: દિલ્હી

| ટીમ | મેચ | જીત | હાર | રદ | પોઈન્ટ | નેટ રન |
|---|---|---|---|---|---|---|
| RCB | 12 | 8 | 4 | 0 | 16 | 1.053 |
| GT | 13 | 8 | 5 | 0 | 16 | 0.400 |
| SRH | 12 | 7 | 5 | 0 | 14 | 0.331 |
| PBKS | 12 | 6 | 5 | 1 | 13 | 0.355 |
| RR | 11 | 6 | 5 | 0 | 12 | 0.082 |
| CSK | 12 | 6 | 6 | 0 | 12 | 0.027 |
| KKR | 12 | 5 | 6 | 1 | 11 | -0.038 |
| DC | 12 | 5 | 7 | 0 | 10 | -0.993 |
| MI | 12 | 4 | 8 | 0 | 8 | -0.504 |
| LSG | 12 | 4 | 8 | 0 | 8 | -0.701 |

# KKRએ ગુજરાતને હરાવી પ્લેઓફની આશા જીવંત રાખી

**કોલકાતાએ** આપેલા 248 રનના લક્ષ્યાંક સામે ગુજરાત 218 રન બનાવી શક્યું

**ફિન** એલનના તોફાની 93 રન



કોલકાતા, તા. 16 (પીટીઆઈ): કોલકાતાના ઇડન ગાર્ડન્સ ખાતે રમાયેલી મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સે (KKR) ગુજરાત ટાઈટન્સને 29 રનથી હરાવીને પ્લેઓફમાં પહોંચવાની પોતાની આશા જીવંત રાખી છે.

KKR એ પ્રથમ બેટિંગ કરતા 20 ઓવરમાં 2 વિકેટે 247 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો, જેના જવાબમાં ગુજરાતની ટીમ 20 ઓવરમાં 4 વિકેટે 218 રન જ બનાવી શકી હતી.

KKR ની જીતના હીરો ફિન એલન રહ્યો, જેણે માત્ર 35 બોલમાં 10 છગ્ગા અને 4 ચોગ્ગાની મદદથી 93 રનની તોફાની ઈનિંગ રમી હતી. તેને અંગકૃષ રઘુવંશીનો (44 બોલમાં અણનમ 82) સારો સાથ મળ્યો અને બંને વચ્ચે 95 રનની ભાગીદારી થઈ હતી. ત્યારબાદ રઘુવંશીએ કેમેરોન ગ્રીન (અણનમ 52) સાથે મળીને માત્ર 53 બોલમાં 108 રનની અતૂટ ભાગીદારી કરીને સ્કોર 247 સુધી પહોંચાડ્યો હતો.

લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ગુજરાતની ટીમ તરફથી કેપ્ટન શુભમન ગિલે સૌથી વધુ 85 રન (49 બોલ) અને જોસ બટલરે 57 રન બનાવ્યા હતા. ઓપનર સાઈ સુદર્શન ઈજાગ્રસ્ત થયો હતો, પરંતુ બાદમાં પરત ફરીને તેણે 28 બોલમાં અણનમ 53 રન ફટકાર્યા હતા. KKR રફથી સુનિલ નરીને 2 અને સૌરભ દુબેએ 1 વિકેટ ઝડપી હતી. ગુજરાત માટે સિરાજ અને સાઈ કિશોરને 1-1 વિકેટ મળી હતી.

| કોલકાતા નાઈટ રાઈડર્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| રહાણે બો સિરાજ | 14 | 14 | 1 | 1 |
| એલેન કો રાશિદ બો કિશોર | 93 | 35 | 4 | 10 |
| રઘુવંશી નોટ આઉટ | 82 | 44 | 4 | 7 |
| કેમરોન નોટ આઉટ | 52 | 28 | 3 | 4 |
| વધારાના | 6 | | | |
| કુલ 20 ઓવરમાં 2 વિકેટે | 247 રન | | | |

**વિકેટ પતન:** 1-44, 2-139

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મોહમ્મદ સિરાજ | 4 | 0 | 50 | 1 |
| કાગીસો રબાડા | 4 | 0 | 40 | 0 |
| જેસન હોલ્ડર | 4 | 0 | 39 | 0 |
| રાશિદ ખાન | 4 | 0 | 57 | 0 |
| સાઈ કિશોર | 3 | 0 | 38 | 1 |
| અર્શદ ખાન | 1 | 0 | 22 | 0 |

| ગુજરાત ટાઈટન્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| સુદર્શન નોટ આઉટ | 53 | 28 | 6 | 3 |
| ગીલ કો રોય બો નરીન | 85 | 49 | 5 | 7 |
| નિશાંત કો પાંડે બો નરીન | 1 | 4 | 0 | 0 |
| બટલર કો રમનદીપ બો દુબે | 57 | 35 | 5 | 2 |
| તેવટિયા કો રઘુવંશી બો ગ્રીન | 2 | 4 | 0 | 0 |
| વધારાના | 20 | | | |
| કુલ 20 ઓવરમાં 4 વિકેટે | 218 રન | | | |

**વિકેટ પતન:** 0-42* (સાઈ સુદર્શન રીટાયર્ડ હર્ટ નોટ આઉટ), 1-49, 2-177, 3-207, 4-218

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| સૌરભ દુબે | 2.4 | 0 | 23 | 1 |
| કેમરોન ગ્રીન | 3 | 0 | 25 | 1 |
| કાર્તિક ત્યાગી | 4 | 0 | 59 | 0 |
| મથીશા પથિરાના | 1.2 | 0 | 9 | 0 |
| સુનિલ નરીન | 4 | 0 | 29 | 2 |
| વરૂણ ચક્રવર્તી | 4 | 0 | 47 | 0 |
| અનુકુલ રોય | 1 | 0 | 17 | 0 |

## પાકિસ્તાને બાંગ્લાદેશને સસ્તામાં આઉટ કર્યું

સિલહટ, તા. 16 (એપી): બાંગ્લાદેશના સિલહટટમાં શનિવારથી શરૂ થયેલી પાકિસ્તાન સામેની બીજી અને અંતિમ ટેસ્ટ મેચના પ્રથમ દિવસે વિકેટકીપર-બેટ્સમેન લિટન દાસની આકર્ષક સદીની મદદથી બાંગ્લાદેશે પ્રારંભિક મુશ્કેલીઓમાંથી બહાર આવીને પહેલી ઈનિંગ્સમાં 278 રન બનાવ્યા છે. લિટન દાસે 159 બોલમાં 16 ચોગ્ગા અને 2 છગ્ગાની મદદથી 126 રનની શાનદાર ઈનિંગ રમી હતી. જેના કારણે ટીમની બેટિંગ લાઈન-અપ પાકિસ્તાનના ફાસ્ટ બોલરો સામે નબળી સાબિત થઈ હતી. પાકિસ્તાન તરફથી શાહીન આફ્રિદીના સ્થાને રમી રહેલા ખુર્રમ શહઝાદે 81 રન આપીને 4 વિકેટ અને મોહમ્મદ અબ્બાસે 45 રન આપીને 3 વિકેટ ઝડપી હતી. જ્યારે હસન અલીએ 2 વિકેટ મેળવી હતી.

ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો પાકિસ્તાનનો નિર્ણય સાચો સાબિત થયો હતો. એક સમયે બાંગ્લાદેશે 116 રનમાં 6 વિકેટ ગુમાવી દીધી હતી, પરંતુ લિટન દાસે તૈજુલ સાથે સાતમી વિકેટ માટે 60 રનની ભાગીદારી કરીને ટીમને સન્માનજનક સ્કોર સુધી પહોંચાડી હતી. દિવસની રમત પૂરી થઈ ત્યારે પાકિસ્તાને પોતાની પહેલી ઈનિંગ્સમાં કોઈ પણ વિકેટ ગુમાવ્યા વિના 21 રન બનાવી લીધા છે.

# અફઘાનિસ્તાન સામેની સિરીઝ: ગીલ બની શકે છે કેપ્ટન

**વર્કલોડ** મેનેજમેન્ટને ધ્યાનમાં રાખીને બુમરાહને આરામ આપવામાં આવી શકે

**19** મેના રોજ ટીમની જાહેરાત થશે

**IPLમાં** શાનદાર પ્રદર્શન કરનાર યુવા ચહેરાઓને તક મળી શકે



નવી દિલ્હી, તા. 16 (પીટીઆઈ): IPL 2026ના રોમાંચક સમાપન બાદ, ભારતીય ટીમ પોતાના જ ઘરઆંગણે અફઘાનિસ્તાનની યજમાની કરવા માટે સજ્જ છે.

આ પ્રવાસ દરમિયાન બંને દેશો વચ્ચે 6થી 10 જૂન દરમિયાન ન્યૂ ચંદીગઢમાં એકમાત્ર ટેસ્ટ મેચ રમાશે, જે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપનો ભાગ નથી. ત્યારબાદ 14 જૂન (ધર્મશાલા), 17 જૂન (લખનૌ) અને 20 જૂનના (ચેન્નાઈ) રોજ 3 વનડે મેચોની સિરીઝ રમાશે. અજિત અગરકરની આગેવાની હેઠળની રાષ્ટ્રીય પસંદગી સમિતિ 19 મેના રોજ આ સિરીઝ માટે ભારતીય ટીમની જાહેરાત કરી શકે છે. સતત રમી રહેલા સિનિયર ખેલાડીઓના વર્કલોડ મેનેજમેન્ટને ધ્યાનમાં રાખીને સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રિત બુમરાહને વનડે સિરીઝમાંથી આરામ આપવામાં આવી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, જો બુમરાહ એકમાત્ર ટેસ્ટ મેચ રમશે તો વનડે સિરીઝમાં ભાગ નહીં લે. સિનિયરોની ગેરહાજરીમાં સ્ટાર બેટ્સમેન શુભમન ગીલને ટીમનું સુકાન સોંપવામાં આવી શકે છે. ટેસ્ટ ટીમમાં બહુ પ્રયોગો થવાની સંભાવના નથી, પરંતુ દેવદત્ત પડિક્કલ સાઈ સુદર્શનના સ્થાને નંબર 3 પર આવી શકે છે. વિકેટકીપર તરીકે ઋષભ પંત અને ધ્રુવ જુરેલ મજબૂત દાવેદાર છે.

આ સિરીઝમાં IPL 2026માં શાનદાર પ્રદર્શન કરનારા યુવા ચહેરાઓને તક મળી શકે છે. દિલ્હીના ફાસ્ટ બોલર પ્રિન્સ યાદવે આ સીઝનમાં 12 મેચમાં 16 વિકેટ ઝડપી છે. હર્ષિત રાણાની ઈજાને કારણે પ્રિન્સ યાદવ વનડે ટીમ માટે ‘ડાર્ક હોર્સ’ સાબિત થઈ શકે છે. જો બુમરાહ ટેસ્ટ નહીં રમે, તો મોહમ્મદ સિરાજ અને પ્રસિદ્ધ ક્રિષ્ના સાથે જમ્મુ-કાશ્મીરના ઓકિબ નબીને રિઝર્વ બોલર તરીકે સ્થાન મળી શકે છે, જેણે રણજી ટ્રોફીમાં 60 વિકેટ લીધી હતી.

### અફઘાનિસ્તાનના ભારત પ્રવાસનું શેડ્યુલ

| મેચ | તારીખ | વેન્યુ | સમય |
|---|---|---|---|
| એકમાત્ર ટેસ્ટ | 6-10 જૂન, 2026 | ન્યૂ ચંદીગઢ | સવારે 9:30 વાગ્યે |
| પ્રથમ વનડે | 14 જૂન, 2026 | ધર્મશાલા | બપોરે 1:30 વાગ્યે |
| બીજી વનડે | 17 જૂન, 2026 | લખનૌ | બપોરે 1:30 વાગ્યે |
| ત્રીજી વનડે | 20 જૂન, 2026 | ચેન્નાઈ | બપોરે 1:30 વાગ્યે |

# સાત્વિક-ચિરાગ થાઈલેન્ડ ઓપનની ફાઈનલમાં

**રોમાંચક** સેમિફાઇનલમાં ભારતીય જોડીએ મલેશિયાની જોડીને 19-21, 22-20, 21-16થી હરાવી હતી



બેંગકોક, તા. 16 (પીટીઆઈ): બેંગકોકમાં રમાઈ રહેલી થાઈલેન્ડ ઓપન સુપર 500 બેડમિન્ટન ટુર્નામેન્ટમાં ભારતની સ્ટાર જોડી સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીએ શાનદાર પ્રદર્શન કરીને પુરુષ ડબલ્સની ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે.

શનિવારે રમાયેલી રોમાંચક સેમિફાઈનલમાં વિશ્વની ચોથી ક્રમાંકિત ભારતીય જોડીએ મલેશિયાના ગોહ સે ફેઈ અને નુર ઈઝુદ્દીનને 82 મિનિટ ચાલેલા કપરા મુકાબલામાં 19-21, 22-20, 21-16થી હરાવ્યા હતા.

વર્ષ 2019 અને 2024માં આ ખિતાબ જીતી ચૂકેલી આ જોડીની આ સીઝનની પ્રથમ ફાઈનલ છે. પ્રથમ ગેમ ગુમાવ્યા બાદ ભારતીય જોડીએ શાનદાર વાપસી કરી હતી અને નિર્ણાયક ત્રીજી ગેમમાં સતત 6 પોઈન્ટ મેળવીને 11-5ની મજબૂત લીડ સાથે મેચ પોતાના નામે કરી હતી. હવે ફાઈનલમાં તેમનો સામનો ઈન્ડોનેશિયાની જોડી સામે થશે.

જીત બાદ ચિરાગે જણાવ્યું કે, આ વર્ષની નબળી શરૂઆતને કારણે તેઓ માનસિક રીતે થોડા દબાણમાં હતા, પરંતુ થોમસ કપના બ્રોન્ઝ મેડલે તેમનો આત્મવિશ્વાસ વધાર્યો.

# પંજાબને હરાવી પ્લેઓફની રેસમાં સ્થાન પાક્કું કરવા ઉતરશે RCB

**જો પંજાબ** હારશે તો તેના માટે પ્લેઓફનો માર્ગ મુશ્કેલ બનશે

**મેચનું** જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયો હોટસ્ટાર પર બપોરે 3.30 વાગ્યાથી



ધર્મશાલા, તા. 16 (પીટીઆઈ): રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) રવિવારે ધર્મશાલાના નયનરમ્ય સ્ટેડિયમમાં પંજાબ કિંગ્સના નબળા બોલિંગ આક્રમણનો ફાયદો ઉઠાવીને પ્લેઓફમાં પોતાનું સ્થાન પાક્કું કરવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે.

આ મેચનું મુખ્ય આકર્ષણ વિરાટ કોહલી છે, જે અગાઉની મેચમાં જ શાનદાર સદી ફટકારીને ફોર્મમાં પરત ફર્યો છે. ધૌલાધાર પર્વતમાળાઓની પૃષ્ઠભૂમિમાં વિરાટ કોહલીને બેટિંગ કરતો જોવા માટે દિલ્હી અને પંજાબથી મોટી સંખ્યામાં ફેન્સ પહાડો તરફ પહોંચી ગયા છે, જેના કારણે આ પર્વતીય શહેરની મર્યાદિત વ્યવસ્થાઓ પર ભારે દબાણ ઊભું થયું છે.

ડિફેન્ડિંગ ચેમ્પિયન આરસીબી (RCB) આ મેચ જીતવા માટે પ્રબળ દાવેદાર છે. બીજી તરફ, પંજાબ કિંગ્સની સ્થિતિ અત્યારે ઘણી ખરાબ છે તેઓ સતત 5 મેચ હારી ચૂક્યા છે. જો શ્રેયસ અય્યરની આગેવાનીવાળી પંજાબની ટીમ વધુ એક મેચ હારશે, તો તેમના માટે પ્લેઓફનો માર્ગ મુશ્કેલ થઈ જશે.

બીજી તરફ, કેપ્ટન રજત પાટીદારની આગેવાનીમાં આરસીબી (RCB) એક મજબૂત ટીમ તરીકે રમી રહી છે. વિરાટ કોહલીએ કેકેઆર સામે 60 બોલમાં 105 રન ફટકારીને પોતાની સાતત્યતા સાબિત કરી છે.

## ઈટાલિયન ઓપન: ફાઈનલમાં સિનર અને રુડ વચ્ચે મુકાબલો

રોમ, તા. 16 (એપી): રોમમાં રમાઈ રહેલી ઈટાલિયન ઓપનની રોમાંચક સેમિફાઈનલમાં વિશ્વના ટોપ-રેન્કેડ યાનિક સિનરે શારીરિક થાક અને વરસાદના વિઘ્ન છતાં ડેનિલ મેદવેદેવને 6-2, 5-7, 6-4 થી હરાવીને ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. શુક્રવારે ત્રીજા સેટમાં વરસાદના કારણે રમત અટકી ત્યારે સિનર 4-2 થી આગળ હતો, અને શનિવારે મેચ ફરી શરૂ થતાં જ તેણે જીત મેળવી પોતાનો વિજયી સિલસિલો 28 મેચ સુધી લંબાવ્યો છે. હવે રવિવારે ફાઈનલમાં તેનો સામનો કેસ્પર રુડ સામે થશે. જો સિનર આ ટ્રોફી જીતશે, તો તે નોવાક જોકોવિચ પછી તમામ 9 માસ્ટર્સ 1000 ટાઈટલ જીતનારો દુનિયાનો બીજો પુરુષ ખેલાડી બનશે. બીજી સેમિફાઈનલમાં કેસ્પર રુડે શાનદાર પ્રદર્શન કરતા સ્થાનિક ખેલાડી લુસિયાનો દાર્દેરીને 6-1, 6-1થી હરાવીને પ્રથમ વખત ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે.

શુક્રવારે રમાયેલા આ મુકાબલામાં આશરે બે કલાક સુધી વરસાદનું વિઘ્ન નડ્યું હતું, પરંતુ રુડે પોતાની એકાગ્રતા જાળવી રાખી હતી.

# મોહસીન નક્વીને IPL ફાઈનલ માટે આમંત્રણ ન અપાયું

**પાકિસ્તાની** મીડિયાએ દાવો કર્યો હતો કે નક્વીને IPL ફાઈનલ જોવા આમંત્રણ મળ્યું છે

**અમદાવાદમાં** યોજાનારી ICCની બેઠકમાં નક્વી વીડિયો કોન્ફરન્સ મારફતે હાજરી આપશે



નવી દિલ્હી, તા. 16: પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ના અધ્યક્ષ મોહસિન નક્વીને અમદાવાદમાં યોજાનારી આઈપીએલ (IPL) ફાઈનલ મેચ માટે આમંત્રણ આપવામાં આવ્યું નથી. આ ટૂર્નામેન્ટની ફાઈનલ મેચની સાથે જ 31 મે ના રોજ અમદાવાદમાં આઈસીસી (ICC)ની વાર્ષિક બોર્ડ મીટિંગ પણ યોજાવાની છે. ઉલ્લેખનીય છે કે કેટલીક પાકિસ્તાની સમાચાર સંસ્થાઓએ દાવો કર્યો હતો કે નક્વીને આઈપીએલની ફાઈનલ જોવા માટે આમંત્રણ મળ્યું છે. જોકે હવે બીસીસીઆઈ દ્વારા તેમને વ્યક્તિગત રીતે આમંત્રણ મોકલવામાં આવ્યું હોવાની પાકિસ્તાની મીડિયાની અફવાઓનો અંત આવ્યો છે. અહેવાલો અનુસાર, બીસીસીઆઈ તરફથી એવું કોઈ આમંત્રણ આપવામાં આવ્યું નથી અને જો નક્વી ભારત આવત, તો પણ તેઓ માત્ર આઈસીસીની બેઠક માટે જ આવત, આઈપીએલની ફાઈનલ મેચ જોવા માટે નહીં. મોહસિન નક્વી આ મહત્વપૂર્ણ બેઠકમાં રૂબરૂ આવવાને બદલે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઓનલાઈન હાજરી આપશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, નક્વી ભારત આવીને આ બેઠકમાં ભાગ લેશે તેવી કોઈ અપેક્ષા પહેલાથી જ નહોતી, આ કોન્ફરન્સ એટલા માટે મહત્વની છે કારણ કે અમદાવાદમાં આઈપીએલ ફાઈનલની સાથે દુનિયાભરના ક્રિકેટ બોર્ડના ટોચના વહીવટકર્તાઓ ત્યાં હાજર રહેશે.

# દિલ્હી કેપિટલ્સ અને રાજસ્થાન વચ્ચે આજે કરો કે મરો જંગ

**મેચનું** જીવંત પ્રસારણ સાંજે 7.30 વાગ્યાથી



નવી દિલ્હી, તા. 16 (પીટીઆઈ): આવતીકાલે આઈપીએલ (IPL) ની અત્યંત મહત્વપૂર્ણ કહી શકાય તેવી ‘સન્ડે સસ્પેન્સ’ મેચમાં વૈભવ સૂર્યવંશીની આક્રમક બેટિંગ અને સીમ-એન્ડ-સ્વિંગના માસ્ટર મિશેલ સ્ટાર્ક વચ્ચે જોરદાર ટક્કર જોવા મળશે.

દિલ્હી કેપિટલ્સ માટે આ મેચ જીતવી ફરજિયાત છે, કારણ કે તેમના 12 મેચમાં 10 પોઈન્ટ્સ છે અને હાર સાથે જ તેઓ પ્લેઓફની રેસમાંથી સત્તાવાર રીતે બહાર થઈ જશે. બીજી બાજુ રાજસ્થાન રોયલ્સ 11 મેચમાં 12 પોઈન્ટ્સ સાથે મજબૂત સ્થિતિમાં છે અને એક અઠવાડિયાના બ્રેક પછી નવી ઊર્જા સાથે મેદાનમાં ઉતરશે.

સ્કૂલબોય વૈભવ સૂર્યવંશીએ સચિન તેંડુલકર પછી દેશના ક્રિકેટ ફેન્સને સૌથી વધુ આકર્ષિત કર્યા છે. ફિરોઝશાહ કોટલા મેદાન પર તેનો આ ડેબ્યુ મુકાબલો જોવા માટે દિલ્હીના ફેન્સ ભારે ઉત્સાહિત છે. સૂર્યવંશીએ આ સીઝનમાં 11 મેચમાં 440 રન બનાવ્યા છે, જોકે 400 થી વધુ ટેસ્ટ વિકેટ ઝડપી ચૂકેલા ઓસ્ટ્રેલિયન દિગ્ગજ મિશેલ સ્ટાર્ક સામે તેનો અસલી ટેસ્ટ થશે.

દિલ્હી કેપિટલ્સની બોલિંગ આ સીઝનમાં નબળી સાબિત થઈ રહી છે. સ્પિનર અને કેપ્ટન અક્ષર પટેલ અને કુલદીપ યાદવ રન રોકવામાં કે વિકેટ લેવામાં ખાસ સફળ રહ્યા નથી.

## FA કપમાં માન્ચેસ્ટર સિટી બન્યું ચેમ્પિયન

લંડન, તા. 16 (એપી): વેમ્બલી સ્ટેડિયમ ખાતે રમાયેલી FA કપની રોમાંચક ફાઈનલમાં માન્ચેસ્ટર સિટીએ ચેલ્સીને 1-0 થી હરાવીને ટાઈટલ જીતી લીધું છે.

આ ઐતિહાસિક જીતના હીરો એન્ટોઈન સેમેન્યો રહ્યો, જેમણે 72મી મિનિટે આર્લિંગ હાલેન્ડના પાસ પર અદભૂત ‘બેક-હીલ’ ગોલ કરીને સિટીને વિજય અપાવ્યો હતો. આ સાથે માન્ચેસ્ટર સિટીએ 8મી વખત આ કપ જીતીને ચેલ્સી અને લિવરપૂલની બરાબરી કરી લીધી છે.

પેપ ગાર્ડિઓલાના કોચિંગ હેઠળ સિટીની આ 17મી મોટી ટ્રોફી છે. આ હાર સાથે ચેલ્સીની આ સીઝન ટ્રોફી વગર સમાપ્ત થઈ છે. આ મેચ બાદ સિટીના સ્ટાર ખેલાડીઓ બર્નાર્ડો સિલ્વા અને જોન સ્ટોન્સ ક્લબને અલવિદા કહેશે.

## અનુસંધાન... પાના પહેલાનું

### દુનિયા માટે આ...

ગાઢ બનાવવા આગ્રહ કર્યો હતો. પ્રશંસાના ભારે તાળીઓના ગડગડાટ વચ્ચે તેમણે કહ્યું, આનાથી ભારતની ક્ષમતાઓ મજબૂત થશે અને તમારા રોકાણ પર તમને વધુ સારું વળતર પણ મળશે - અને આ મોદીની ગેરંટી છે. તેમણે કહ્યું, આજે આપણું ભારત પણ ખૂબ જ ભવ્ય સ્તરે સપના જોઈ રહ્યું છે. આજે દેશ કહી રહ્યો છે - અમે માત્ર પરિવર્તન નથી ઈચ્છતા; અમે શ્રેષ્ઠ ઈચ્છીએ છીએ. અને માત્ર શ્રેષ્ઠ જ નહીં, અમને સૌથી ઝડપી જોઈએ છે. તેથી જ, જ્યારે ભારતમાં આકાંક્ષાઓ અસીમિત છે, ત્યારે અમારા પ્રયાસો પણ અનંત બની રહ્યા છે. મોદીએ જણાવ્યું હતું કે ભારતના યુવાનો હવે આકાશને આંબવાની આકાંક્ષા રાખે છે, અને ભારતની સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ મજબૂત થવા પાછળનું કારણ પણ આ જ છે. તેમણે ઉમેર્યું, હવે આપણે વિશ્વની ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ છીએ. તેમણે કહ્યું, આજે ભારતની આકાંક્ષાઓ માત્ર તેની પોતાની સરહદો પૂરતી સીમિત નથી. ભારત ઓલિમ્પિક્સની યજમાની કરવા, વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ હબ બનવા, ગ્રીન એનર્જી ક્ષેત્રે અગ્રેસર તરીકે ઉભરી આવવા અને વિશ્વ માટે વિકાસના એન્જિન તરીકે સેવા આપવા ઈચ્છે છે. મોદીએ ત્યાંના ભારતીય સમુદાયની પ્રશંસા કરતા કહ્યું હતું કે જ્યારે પણ નેધરલેન્ડના નેતાઓ સાથે મારી વાતચીત થઇ છે ત્યારે તેમણે તમારા વખાણ કર્યા છે અને કહ્યું છે કે નેધરલેન્ડના વિકાસમાં ભારતીયોએ ઘણો ફાળો આપ્યો છે. મોદીએ ભારતમાં સ્ટાર્ટઅપ્સમાં પ્રગતિ તથા યુપીઆઇ ટ્રાન્ઝેક્શનોના જંગી પ્રમાણ સહિત ભારતની પ્રગતિની અનેક વાતો વર્ણવી હતી. મોદીએ ધ હેગમાં ભારતીય સમુદાયને સંબોધિત કરતા વિશ્વની વર્તમાન સ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી. મોદીએ જણાવ્યું કે આજે માનવતા સામે અનેક મોટા પડકારો છે. આ દશકો આપત્તિઓનો દશકો બની ગયો છે. વિશ્વ પહેલા કોરોના, પછી યુદ્ધ અને હવે ઉર્જા સંકટ સામે ઝઝૂમી રહ્યું છે. જો પરિસ્થિતિ નહીં બદલાય, તો વિતેલા અનેક દશકાઓ દરમિયાન થયેલા કામો પર પાણી ફરી વળશે અને વિશ્વની એક બહુ મોટી વસ્તી ગરીબીના કીચડમાં ફસાઈ જશે.

### સરકારે ચાંદીની...

ઢોળ ચડાવેલી ચાંદી સહિત ચાંદીની આયાત નીતિ તાત્કાલિક અસરથી બદલીને ‘મુક્ત’માંથી ‘નિયંત્રિત’માં ફેરવવામાં આવી છે. ‘નિયંત્રિત’ શ્રેણી હેઠળની વસ્તુઓની આયાત માટે સરકારી લાયસન્સની જરૂર પડે છે. જો કે, આ આયાત નિયંત્રણો ૧૦૦ ટકા નિકાસલક્ષી એકમો(EOUs) અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (SEZ) એકમો દ્વારા કરવામાં આવતી આયાત પર લાગુ થશે નહીં, શરત માત્ર એટલી કે આવી આયાતી વસ્તુઓ સ્થાનિક બજારમાં વેચવામાં ન આવે.

વાણિજ્ય મંત્રાલયના આંકડા અનુસાર, એપ્રિલ દરમિયાન ચાંદીની આયાત બે ગણાથી વધુ વધીને ૪૧૧ મિલિયન અમેરિકી ડોલર થઈ ગઈ હતી. વર્ષ ૨૦૨૫-૨૬માં, ઊંચી કિંમતોને કારણે આયાત લગભગ ૧૫૦ ટકા વધીને ૧૨ અબજ યુએસ ડોલર પર પહોંચી ગઈ હતી.જથ્થાની દ્રષ્ટિએ, ગત નાણાકીય વર્ષમાં તે ૪૨ ટકા વધીને ૭,૩૩૪.૯૬ ટન થઈ હતી. ચાંદીની કિંમત પ્રતિ કિલોગ્રામ આશરે રૂ. ૨.૫૩ લાખ હતી. જો કે ઈલેક્ટ્રિકલ સ્વીચો અને સોલાર પેનલ્સથી લઈને કેમિકલ કેટાલિસ્ટ્સ (ઉદ્દીપકો) અને તબીબી ઉપકરણો સુધીના અનેક ઉદ્યોગોમાં પણ આ ધાતુ એક આવશ્યક ઘટક છે.

### ‘ઓપરેશન રેજપિલ’:...

જેની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત અંદાજે 182 કરોડ હોવાનું જણાવાયું છે.

એનસીબીની તપાસ દરમિયાન સૌથી મોટી કાર્યવાહી ગુજરાતના મુંદ્રા પોર્ટ નજીક આવેલી કન્ટેનર ફેસિલિટેશન સ્ટેશન ખાતે હાથ ધરવામાં આવી હતી. 14 મે, 2026ના રોજ સીરિયાથી આવેલા એક કન્ટેનરની ઝીણવટભરી તપાસ દરમિયાન અંદાજે 196.2 કિલોગ્રામ કેપ્ટાગોન પાવડર મળી આવ્યો હતો. કન્ટેનરમાં ‘ઘેટાંનું ઊન’ જાહેર કરાયેલા માલ તરીકે દર્શાવવામાં આવ્યું હતું, પરંતુ ગુપ્ત ખાનામાંથી ત્રણ બેગમાં છુપાવવામાં આવેલ કેપ્ટાગોન પાવડર ઝડપાયો હતો. પ્રાથમિક તપાસ મુજબ આ ડ્રગ્સનો જથ્થો સાઉદી અરેબિયા સહિત ગલ્ફ અને મધ્ય પૂર્વના દેશોમાં ટ્રાન્સશિપમેન્ટ માટે મોકલવામાં આવવાનો હતો. કેપ્ટાગોનમાં ફેનેટીલાઇન અને એમ્ફેટામાઈન જેવા સાયકોટ્રોપિક પદાર્થો હોય છે, જે NDPS એક્ટ હેઠળ પ્રતિબંધિત છે.

### દિલ્હીમાં તા.11 મેના...

આવેલા એક મકાનમાં 11 મેના રોજ દરોડો પાડવામાં આવ્યો હતો, જ્યાં કમર્શિયલ ચપાતી કટિંગ મશીનમાં છુપાવવામાં આવેલી 31.5 કિલો કેપ્ટાગોન ટેબ્લેટ્સ મળી આવી હતી. આ કેસમાં વિઝાની મુદત પૂરી થયા પછી પણ ભારતમાં ગેરકાયદેસર રીતે રહેતા એક સીરિયન નાગરિકની ધરપકડ કરવામાં આવી છે. તપાસમાં સામે આવ્યું છે કે આરોપી 15 નવેમ્બર, 2024ના રોજ ટૂરિસ્ટ વિઝા પર ભારતમાં આવ્યો હતો, પરંતુ જાન્યુઆરી 2025માં વિઝા પૂર્ણ થયા બાદ પણ ભારતમાં જ રહ્યો હતો અને દિલ્હી ખાતે ભાડાનું મકાન લઈને આ સમગ્ર નેટવર્ક સંચાલિત કરી રહ્યો હતો.

### ડ્રગ્સ માફિયા ભારતને...

કરવાના પ્રયાસોને ખુલ્લા પાડે છે. આ કેસમાં પ્રાપ્તિ સ્ત્રોત, હવાલા નેટવર્ક, લોજિસ્ટિક્સ ચેઇન, આંતરરાષ્ટ્રીય રિસીવર્સ અને અન્ય સહયોગીઓ સુધી પહોંચવા માટે વ્યાપક તપાસ શરૂ કરવામાં આવી છે. એનસીબીએ તાજેતરમાં મુંબઈમાં ઇક્વાડોરથી આવેલા કન્ટેનરમાંથી 349 કિલોગ્રામ કોકેન પણ જપ્ત કર્યું હતું. આ બંને કાર્યવાહી દર્શાવે છે કે આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ નેટવર્ક હવે કમર્શિયલ કાર્ગો અને કન્ટેનર ટ્રેડ રૂટ્સનો વધતો ઉપયોગ કરી રહ્યા છે.એનસીબીએ સ્પષ્ટ કર્યું છે કે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એજન્સીઓ સાથે સંકલન કરીને આંતરરાષ્ટ્રીય નાર્કોટિક્સ સિન્ડિકેટ્સને તોડી પાડવા માટે અભિયાન આગળ પણ ચાલુ રહેશે.

### કેપ્ટાગોનનો મોટો...

“ઓપરેશન રેજપિલ” દ્વારા કહેવાતા “જેહાદી ડ્રગ” કેપ્ટાગોનની ભારતમાં અત્યાર સુધીની પ્રથમ જપ્તી કરવામાં સફળતા મળી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે મોદી સરકાર ડ્રગ્સ સામે ઝીરો ટોલરન્સની નીતિ પર અડગ છે અને ભારતને ટ્રાન્ઝિટ રૂટ તરીકે ઉપયોગ કરવાના દરેક પ્રયાસ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

### પાકિસ્તાન તેના...

ચાલુ નાણાકીય વર્ષ કરતાં ૨ ટ્રિલિયન પાકિસ્તાની રૂપિયા કરતાં વધુ છે અને તેમાં ૧૩.૫ ટકાનો વધારો દર્શાવે છે. અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે પાકિસ્તાને જીડીપીના ૦.૨ ટકા જેટલો કેન્દ્ર અને પ્રાંતીય સરકારોનો સંયુક્ત ખર્ચ વધારીને કુલ ૪.૨૨૭ ટ્રિલિયન પાકિસ્તાની રૂપિયા કરવા તેમજ જૂન ૨૦૨૭ સુધીમાં તમામ કેન્દ્રીય અને પ્રાંતીય સરકારી ચૂકવણીઓનું ડિજિટલાઈઝેશન કરવાની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી છે.

IMF કાર્યક્રમ સાથે જોડાયેલા વ્યાપક સુધારાઓના ભાગરૂપે, સરકાર વિગતવાર વિશ્લેષણ અને ઓડિટ માટે આ વર્ષના અંત સુધીમાં સૌથી વધુ ભ્રષ્ટાચારની સંભાવના ધરાવતી ટોચની ૧૦ સંસ્થાઓની ઓળખ કરશે. પ્રાંતીય ભ્રષ્ટાચાર વિરોધી એજન્સીઓને પણ મજબૂત કરવામાં આવે તેવી અપેક્ષા છે.

### ટ્રમ્પની ટીમે ચીની...

ઉપહારો, કી-ચેઈન, ઓળખપત્રો, પ્રતિનિધિમંડળના પિન અને મીડિયા ટૂર દરમિયાન અપાયેલા ‘બર્નર ફોન્સ’ કે સીડીઓમાં ટ્રેકિંગ ડિવાઈસ અથવા માલવેર છુપાયેલા હોઈ શકે છે. વિમાનમાં આવી કોઈ પણ વસ્તુ લઈ જવાની સખત મનાઈ હતી, જેથી ભવિષ્યમાં વ્હાઈટ હાઉસ કે અમેરિકી નેટવર્કની ગોપનીય માહિતી જોખમમાં ના મુકાય. ભૂતકાળમાં આવા પગલાં ગુપ્ત રીતે લેવાતા હતા, પરંતુ આ વખતે ચીની અધિકારીઓની નજર સામે જ જાહેરમાં એરપોર્ટ પર આ બધી વસ્તુઓ કચરામાં ફેંકવામાં આવી. આવુ કરવા પાછળ કડવાશ પણ જવાબદાર માનવામાં આવે છે. જો કે જાહેરમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચેની મુલાકાતો સૌહાર્દપૂર્ણ દેખાતી હતી, પરંતુ વાસ્તવિકતા અલગ હતી. સોયાબીન અને બોઈંગ વિમાનોના સોદા સિવાય વેપાર અને દુલર્ભ ખનિજો અંગે બંને દેશો વચ્ચે કોઈ મોટો નક્કર કરાર થઈ શક્યો નથી તે બાબતે કડવાશ હોવાનુ પણ મનાય છે. એ પણ બન્યું હતું કે ટ્રમ્પ વિદાય થયા કે તરત જ ચીની કર્મચારીઓએ રેડ કાર્પેટ અને સીડીઓ ખસેડી લીધી હતી. વિમાનના ઉડવાની પણ રાહ જોવામાં આવી ન હતી.

### દક્ષિણ-પશ્ચિમ...

શરૂ થવાની સંભાવના છે. કેરળમાં સામાન્ય રીતે ૧ જૂને ચોમાસાની શરૂઆત થાય છે, જે દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની ઋતુ (જૂનથી સપ્ટેમ્બર)ની શરૂઆત દર્શાવે છે. અગાઉ, આઈએમડીએ જણાવ્યું હતું કે, ભારતમાં આ વર્ષે ચોમાસાની ઋતુ દરમિયાન સામાન્ય કરતાં ઓછો વરસાદ થઈ શકે છે. આવું ઋતુ દરમિયાન અલ નીનોની સ્થિતિ સર્જાવાને કારણે હોઈ શકે છે, જેનાથી દેશમાં ઓછો વરસાદ પડે છે.

## આજનું પંચાંગ

**તા.17/05/2026, રવિવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** અધિક જેઠ **તિથિ:** સુદ: એકમ: 21:43
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** વૈશાખ: 27
**યોગ :** શોભન
**કરણ:** કિસ્તુઘ્ન **નક્ષત્ર :** કૃતિકા : 14:34
**રાશિ:** વૃષભ (બ.વ.ઉ.)
**દિવસ :** સામાન્ય, પુરુષોત્તમ માસારંભ, કરિદિન
**સુરતમાં સૂર્યોદય :** 06:02
**સુરતમાં સૂર્યાસ્ત :** 19:08
**નવકારસી :** 06:50
**પારસી વર્ષ :** 1395 દએ માસનો 06 હો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 જિલ્કાદ માસનો 29મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ
**રાત્રિનાં ચોઘડિયાં:** શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ
**રાહુ કાળ :** સાંજે 16:30 થી 18:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** મોજ શોખ ખાણી-પીણી, દલાલી, માર્કેટીંગ જેવા નોકરી ધંધામાં આવક વધે અને નવી તક મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** સમાજમાં માન વધે. નોકરીમાં પ્રભાવ વધે. મહત્ત્વના કામની યોજના પાર પડે.

**મિથુન (ક,છ,ઘ,):** કોઇ અજાણ્યા પર વિશ્વાસ મૂકવો ભારે પડશે. પ્રવાસમાં જૂના મિત્રો મળે. અચાનક શુભ સમાચાર મળે.

**કર્ક (ડ,હ,):** આવક વધે. નવાં કામ મળે. નવા મિત્રોથી સાવધાન શેરબજારમાં ધીરજ રાખવી. સંતાનોનાં કામ પાર પડે.

**સિંહ (મ,ટ,):** નોકરી ધંધામાં પ્રભાવિક પ્રગતિ થાય. સમાજમાં માન વધે. સ્ત્રી વર્ગથી સાવધાન રહેવું. આવક વધશે.

**કન્યા (પ,ઠ,ણ,):** નોકરીના પ્રયત્નો સફળ રહે.પરીક્ષામાં સફળતા મળે. વિદેશના કામમાં ગતિ આવે. ધર્મકર્મ થાય.

**તુલા (ર,ત,):** સરકારી નોકરિયાતે સાવધાન રહેવું. અચાનક નવી તક મળે. ઉઘરાણી આવે. સમાજમાં માન વધે.

**વૃશ્ચિક (ન,ય,):** કોર્ટ, કચેરીમાં અનુકૂળતા રહે. પ્રેમમાં સફળતા મળે. ઘરમાં અશાંતિ વધે. ગુપ્ત ભય સતાવે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** જૂનાં દર્દો પરેશાન કરશે. વિજાતિય મિત્રોથી સાવધાન રહેવું. હરીફો વધશે. ગુપ્ત શત્રુઓથી સાવધાન.

**મકર (ખ,જ,):** મનપસંદ ભોજન અને મુલાકાતથી ઉત્સાહ વધશે. વાદ-વિવાદથી અશાંતિ વધે. આવક વધશે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** નવા ઘરની યોજના પાર પડે. નોકરી-ધંધામાં અનુકૂળતા રહે. વડીલોની મદદથી કામ થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** સ્ત્રી મિત્રોનો સાથ મળે. શિક્ષણ દલાલી ટ્યુશન, ટેકનોલોજીનાં કામમાં પ્રગતિ થાય.

## કોઈ પણ સાલમાં 17 મે એ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરીમાં નવી તક અને ધંધા-વ્યવસાયમાં નવો ફેરફાર થાય. સમાજમાં સામાન્ય રહે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. હરીફો વધે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિલંબ વધે. સામાજિક કામ, કાયદા, વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં વિઘ્નો આવે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં કોઇની વાતોમાં સહી કરવી નહીં. ઉંમરલાયકના વિવાહ થાય. વિદ્યાર્થીઓની મહેનત ફળે. વિદેશનાં કામ પાર પડે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. નવા ઘર વાહન, મકાન બાબતે વર્ષની શરૂઆતમાં સફળતા મળે. આવક વધારવાની યોજનામાં મિત્રોનો સાથ મળે. ટેકનોલોજી અને સરકારી નીતિ પ્રમાણે કામ કરવાની નવું શિખવા મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. ડિસેમ્બર, જાન્યુઆરી, ફેબ્રુઆરી, શુક્ર શનિવાર, 8, 17, 26 તારીખે નવા કામ કરવાં. માર્ચ - એપ્રિલ બુધવાર, 7,16 25 તારીખે નવા કામ ટાળવાં. સોનેરી રંગનો ઉપયોગ ટાળવો. શનિવારના ઉપાય કરતા રહેવું.

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### બલ્ય ખોરાક

અશ્વગંધા, તલ, શેકેલા અડદનો લોટ, સૂંઠ, ગોળ, ઘી, સરખે ભાગે ભેળવી, ધીમા તાપે ગરમ કરી ભરી લો. રોજ સવારે 20 ગ્રામ ખાઈ ઉપર દૂધ પીવું.